GJVD020049492025

**<u>મહે. ૧૨ માં એડીશ્નલ જયુડી. મેજી. ફર્સ્ટ. કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.</u>**

CC.4981/25

ફરીયાદી:- શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી:- બાબુભાઈ શંકરભાઈ બારીયા

રહે.વડોદરા.

ગુનો:- **<u>પ્રોહીબીશન એકટની કલમ:૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ-૧૮૫ મુજબ.</u>**

(૧) આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોકત વર્ણવેલ ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે અંગે આરોપીને સમન્સ કરતા, આરોપીએ હાજર થઈ સદર તેઓ સામેનો આક્ષેપીત ગુનો સ્વૈચ્છીક કબુલ કરતો હોવાનું જણાવેલ છે. તથા તેઓનો પ્રથમ ગુન્હો હોવાનું તથા તેઓ ગરીબ, બાળબચ્ચા વાળા માણસ હોવાનું જણાવેલ અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની કોર્ટને બાંયધરી અને ખાત્રી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરે છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાયી આવે છે.

કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તેમાં વધુમાં વધુ કેટલી સજા થઈ શકે તેની સાથે સાથે મીનીમમ સજાની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. પરંતુ, નામદાર ગુજરાત હાઈકોર્ટે **'સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરભાઈ હરચંદજી ઠાકોર(૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯)'** ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે કેસના સંજોગો જોતા કોર્ટને જરૂરી જણાઈ આવે તો તે મીનીમમ સજા કરતા પણ ઓછી સજા કરી શકે છે આ કામે આરોપી પાસેથી જે મુદામાલ મળી આવેલ છે તે મોટા જથ્થામાં નથી, જે મુદ્દામાલ કબજે લેવાયેલ છે તેનો પ્રકાર અને જથ્થો તથા આરોપીની સ્થિતિ વગેરે ખ્યાલમાં રાખતા મીનીમમ સજા કરતા ઓછી સજા અને દંડ

કરવામાં આવે તો પણ તે ન્યાયીક રહેશે તેવું જણાઇ આવતું હોય, કેસના સંજોગો ધ્યાનમાં લઇ આ કામે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૪૧ અન્વયે તેમની સામેના ગુના પ્રોહીબીશન એકટની કલમ:૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા સંયુકત રીતે રૂા. ૨,૧૦૦/– (અંકે રૂપિયા બે હજાર સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૦૮.૦૩.૨૦૨૫ ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮.૦૩.૨૦૨૫
વડોદરા.

**(રાહુલ સચદેવા )**
**કોડ નં.જીજે.૦૧૭૨૫**
૧૨ માં એડી. સીવીલ જજ અને
જે.એમ.એફ.સી., વડોદરા.

પાવતી નં.
દંડ રૂા.
તારીખ: ૦૮.૦૩.૨૦૨૫

ચીફ કોર્ટ, વડોદરા.

(એસ.આર.ખાચર)/સ્ટેનોગ્રાફર.